બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

સપ્ટેમ્બર-૨૪ | વર્ષ : ૬૧
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



વિસ્મયભર્યું વ્હેલી પરોઢે ઊઘડ્યું
તે કોણ, મીઠી ઊંઘ કે પાંપણ કે હું ?
જાગ્યા પછી પણ સ્વપ્ન તો સ્વપ્ન જ રહ્યું,
એવું શું જાગ્યું, સત્ય કે સમજણ કે હું ?
ઊંડે સુધી થઈ શોધ રાત્રિ ને દિવસ
તો હાથ લાગ્યાં તડકો રેતી ને તરસ,
નિર્ણય કરી દે તું જ બસ કે મૃગજળોના,
મૂળમાં છે કોણ ? સૂરજ રણ કે હું ?
ક્ષણક્ષણ સમયજળમાં સતત વહી જાઉં છું.
પણ જ્યાં હતો હું ત્યાંનો ત્યાં રહી જાઉં છું.
આ કોણ વ્હેતું જાય છે ? કાયા કે
પડછાયા કે માયા કે નહીં કૈં પણ કે હું ?
પ્રત્યેક ઘર કરચોથી વેરણ-છેર છે
ને તે છતાં અકબંધ આખું શહેર છે
આવું અજબ તે એક પળમાં કોણ ફૂટ્યું
બિંબ કે પ્રતિબિંબ કે દર્પણ કે હું ?
અક્ષર મળ્યો તણખો, પવન લયનો ભળ્યો,
જીવન શું ? હું મૃત્યુ પછી પણ રવરવ્યો
તો આમ ઠંડુ પડ્યું તે કોણ ?
ધૂણી, રાખ કે અંગાર કે ઈંધણ કે હું ?
– જવાહર બક્ષી

## ઓકટો.-નવે. માસનો બરછીનો સંયુકત અંક દીપોત્સવી અંક તરીકે પ્રકાશિત થશે..

પ્રતિ વર્ષ મુજબ ઓકટોબર-નવેમ્બર માસનો કલમ કડછી બરછીનો સંયુક્ત અંક દીપોત્સવી અંક તરીકે તા.૨૦/૧૧/૨૪ના પ્રગટ થશે.તેથી હવે પછીનો ઓકટોબર માસનો અંક પ્રકાશિત થશે નહી જેની નોંધ લેશો.

ઓકટોબર-નવેમ્બર માસના સંયુકત (દીપોત્સવી) અંકને સાહિત્યસભર બનાવવા જ્ઞાતિના લેખકોને દર વર્ષ મુજબ લઘુકથા, વાર્તા,બાળવાર્તા,હાસ્યલેખ,માર્ગદર્શક માહિતી લેખ તથા જ્ઞાતિના કવિઓને પોતાની મૌલિક અપ્રસિધ્ધ કાવ્ય રચના લખી મોકલવા ઈજન છે. ઉપરાંત..

જ્ઞાતિના મોટા વેપાર- ઉદ્યોગનું સંચાલન કરતા હોય તેવા તેમ જ કંપનીમાં CEO, CFO,CTO, કે પછી IPS, IAS જેવા ઉચ્ચ હોદ્દા પર આરૂઢ હોય કે કલા સાહિત્ય કે સેવા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન હોય તેવા જ્ઞાતિબંધુઓ/ યુવાનોની 'પ્રેરક ગાથા' આ દીપોત્સવી અંકમાં તથા વર્ષ દરમ્યાન પણ પ્રકાશિત કરવાની નેમ છે. જે પોતાની- સ્વપ્રશસ્તિ કે પ્રચાર માટે નહિ પરંતુ આજે અને ભવિષ્યમાં પણ જ્ઞાતિની યુવા પેઢીને દીશાસૂચન, પ્રેરણા સાથે માર્ગદર્શન મળે તેવા શુભ ઉદ્દેશ સાથે પોતાનો પરિચય, ક્યારથી કેવી રીતે શરૂઆત, પહેલા અને આજની કસોટી, અનુભવો વગેરે બીજાને પ્રેરક અને માર્ગદર્શક નીવડે તેવી બાબતો-માહિતી, સમય ફાળવીને/અન્ય પાસે તૈયાર કરાવી લખી મોકલવા ઈજન જ નહી વિનંતી પણ છે.આપના સ્નેહી- સંબંધીઓમાં આવી સાહસિક/ કર્મઠ પ્રતિભા હોય તો તેમને જાણ કરશો.આપનું આ યોગદાન પણ જ્ઞાતિ માટે બહુમૂલ્ય બની રહેશે.

ઉપરોકત દરેક લેખન સામગ્રી/સમાચારો મોડામાં મોડી તારીખ ૩૦ ઓકટોબર સુધીમાં મળી જાય તેમ, મો.નં. ૯૪૨૮૭ ૦૦૧૦૫ ઉપર વ્હોટસએપથી અથવા barchhi@ rediffmail ઉપર ઈ મેઈલ દ્વારા મોકલી આપશો. સંસ્થાઓ દ્વારા આયોજીત થતા દીપોત્સવી કાર્યક્રમ- સ્નેહમિલનના અહેવાલ, આયોજન સંપન્ન થયા બાદ તુરત મોકલી આપવા વિનંતી છે.

આ સતત ચોથા વર્ષે વડોદરાના શ્રી ઉજ્જવલ બુચ તરફથી ટાઈટલ પેજ- ચાર પાના-ફોર કલર પ્રિન્ટીગ 'સ્પોન્સર' કરવામાં આવ્યાં છે, જેની આગોતરા સાભાર નોંધ લઈએ. વ્યાવસાયિક/ શુભેચ્છા જાહેરાતો આવકારીએ છીએ. બરછી લવાજમ ઉપર જ નિર્ભર છે ત્યારે જાહેરાતોના પ્રતિસાદ મળવા મુજબ છેલ્લા દીપોત્સવી અંકને ફોરકલરથી સજાવી વધારે આકર્ષક બનાવીશું.

અંતમાં...ગતાંકમાં બરછી પ્રકાશન બંધ થવાની જાહેરાત સાથે જ, જેઓ થકી અને જેઓ માટે જ પ્રકાશન ચાલુ રાખેલ તેવા, હાલના બરછીના ખરા મૂલ્યવાન સભ્યોના બરછી બંધ ન કરવા અરજ કરતા,બરછી સાથેનું આત્મીય જોડાણ-અને અમારા પ્રત્યે સ્નેહ નીતરતા અસંખ્ય મેસેજ અને વડીલોના ફોન અમને મળ્યા. આ ભાવનાત્મક સંબંધો,સહકાર,આશીર્વાદ-શુભેચ્છાઓના બળને કારણે જ આટલા વર્ષ પ્રકાશન ચાલુ રહી શક્યું,જેની સાદર નોંધ સાથે સૌના અઢળક પ્રેમાદર બદલ અંતઃ કરણપૂર્વક આભાર..પરસ્પરનો આત્મીય ભાવ હંમેશા જળવાય રહે તે જ અભ્યર્થના.-વિ.શાં.ધો.

## સંન્નિષ્ઠ સેવક અને કર્તવ્યપરાયણ સજ્જન શ્રી અતુલ વૈષ્ણવ



રાજકોટના શ્રી અતુલ ઘનશ્યામભાઈ વૈષ્ણવનું તા.૨૫ ઓગષ્ટના જન્માષ્ટમીના પવિત્ર દિવસે દેહાવસાન થયું. તેમની વિદાયથી વૈષ્ણવ પરિવારે હૂંફાળા મોભી,મિત્રોએ સુખ–દુ:ખમાં સહભાગી થનાર સાથીદાર અને જ્ઞાતિએ એક અદનો સેવક ગુમાવ્યો.

અતુલભાઈ પરિવારમાં સૌથી મોટા પુત્ર, તેથી સમગ્ર વૈષ્ણવ પરિવારની જવાબદારી સુપેરે નિભાવવા સાથે બેંક ઓફ બરોડામાં આશરે ચાર દાયકા સંનિષ્ઠ ફરજ બજાવી. તેમની સંન્નિષ્ઠતા અને વહીવટી કાર્યદક્ષતા થકી ચીફ મેનેજરના ઉચ્ચ પદે પહોંચ્યા અને આ હોદ્દેથી નિવૃત્ત થયા. બેંકની ફરજ દરમ્યાન અનેક જ્ઞાતિ–ઇતરજનને તેઓ અનેક રીતે મદદરૂપ થયા હશે.જેમાં અમારો પણ સમાવેશ થાય છે. શ્રી નાગર યુવક મંડળ,બેંક યુનિયનમાં સેવાઓ આપી.નીતિ ને મૂલ્યો સર્વોપરી તેથી સત્યને ઉજાગર કરવા ખોટાનો વિરોધ પણ નોંધાવે. અંત્યેષ્ઠિની કપરી સેવામાં શ્રીરામ સમિતિના સભ્યો સર્વશ્રી અતુલભાઈ, રાજીવભાઈ વછરાજાની, જગદીશભાઈ બુચ, મુકેશભાઈ માંકડ, રોહિતભાઈ માંકડ તથા મયંકભાઈ માંકડે કોઈપણ ઋતુ કે સમય જોયા વગર ત્રણેક દશકા નિષ્કામ ભાવથી આપેલી સેવાઓની પણ અત્રે નોંધ લેવી ઘટે જ.જ્ઞાતિ ઋણી રહેશે.

દશેક વર્ષ પહેલાં અણધારી વિપદા આવી, તેમને કેન્સર જાહેર થયું. કષ્ટ–પીડા ભોગવ્યાં,સ્વરપેટીના ઓપરેશન બાદ વાચા ગુમાવ્યા છતાં મક્કમ મનોબળ સાથે ઝિંદાદીલીથી પોતાના દુ:ખ દર્દનો સહજ સ્વીકાર કરી, વ્હોટસએપથી સંદેશાઓની આપ–લે દ્વારા મૂકભાવે સેવાયજ્ઞ ચાલુ રાખ્યો. તેઓ ઓનલાઈન બરછી વાંચે.કોઈ ટેક્નીકલ ઇસ્યુથી બરછીની સાઈટ ન ખૂલે તો મારા પુત્ર અંકુરને મેસેજ કરે, ટેક્નીકલ લેંગ્વેજમાં તે સમજાવે અને અતુલભાઈ સોલ્વ પણ કરે. આમ કોમ્પ્યુટર ટેક્નોલોજીથી પણ અપડેટ રહયા હતા.પરિવારના પ્રેમ–હૂંફ સાથે જીવનના દરેક તબક્કે સુખ–દુ:ખમાં જીવનસંગિની તરીકે મુખ્ય પન્નાબેને સબળ સાથ સંગાથની પણ નોંધ લેવી જ પડે!

આવા 'અતૂલ્ય વૈષ્ણવ જન' ની અંતિમ યાત્રા અને પ્રાર્થનાસભા સમયે સતત વરસાદ છતાં વિશાળ હાજરી તેમના પ્રત્યેનો અનન્ય સ્નેહ અને તેમણે કરેલાં કાર્યો અને સત્કર્મોની સુવાસની સાક્ષી પૂરાવતા હતાં.અસ્તુ!

---



મોરબી : સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી અને શીખવા માટે કોઈ ઉંમર નથી તે પુરવાર કરતાં અત્રે સ્થિત ૬૪ વર્ષીય સિનિયર સિટીઝન સુશ્રી મહેશ્વરી બેને પોસ્ટ ઓફિસ માંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ સમયનો સદ્ઉપયોગ કરવા શાસ્ત્રીય નૃત્ય શીખવાની શરૂઆત કરી. પ્રથમ તેઓ જયપુર ઘરાનામાં કથ્થક વિશારદ થયાં. બાદમાં ડિસેમ્બર -૨૩ માં લખનૌ ઘરાનામાં કથ્થક વિશારદ થયાં. ને તાજેતરમાં એપ્રિલ-૨૪ અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ મુંબઈ દ્વારા લેવાયેલ ભરતનાટ્યમ વિશારદ પૂર્ણ ની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે સફળતા મેળવી તેઓએ ભારતનાટ્યમમાં પણ વિશારદની પદવી મેળવી. ભરતનાટ્યમની સઘન તાલીમ તેઓએ 'તાંડવ નર્તન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્લાસિકલ ડાન્સ' રાજકોટના "ગુજરાત ગૌરવ પુરસ્કાર" સન્માનિત કલા ગુરુ શ્રી જીજ્ઞેશભાઈ સુરાણી અને કુ. ક્રિષ્નાબેન સુરાણીના માર્ગદર્શન હેઠળ લીધી હતી.

આમ, મોરબીના કુ. મહેશ્વરીબેને શાસ્ત્રીય નૃત્ય શૈલીમાં ત્રણ વિશારદની પદવી પ્રાપ્ત કરી હેટ્રિક બનાવી પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. અભિનંદન.

પાટણ : કુ. દિવ્યા હરસિધ્ધ હાથીએ ઇસરો દ્વારા યોજાયેલ શીઘ્ર નિબંધ સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવ્યું. નિબંધ નો વિષય હતો : Let's go on the moon. અભિનંદન.

**ઓ અંબા મા દર્શન દે..**

ભાવભરી મેં દ્રષ્ટિ કરી
અંબામા મને દર્શન દે...
મને દર્શન દે...
યુગ યુગથી હું તરસ્યો બેઠો–
તારો તે ન દીદાર દીઠો
ક્યાંયે ન દીઠયું તારૂં મુખડું મા
આજ..કુમકુમ પગલે ઝલક દે
ઓ અંબામા મને દર્શન દે.
રાત રાત જાગું મા તું ક્યારે પધારે
જીવન જાતું તારા રટણને સહારે
પ્રીતભરી, હા,પ્રીત ભરી નજર દે
ઓ અંબામા મને દર્શન દે.
આજ અજવાળી રાતે આવજે
સૌના કાજે સુખડાં લાવજે
આજ તું આજ જીવન અમૃત દે
ઓ અંબામા મને દર્શન દે.

–જસમીન દેસાઈ–દર્પણ–રાજકોટ.



પ્રાર્થના કે કોઈ ડોશીમાનું નવરાશનું રમકડું નથી. શુદ્ધ સમજણ સાથે પ્રાર્થના કરવામાં આવે તો તે સૌથી વધુ સમર્થ સાધન બની જાય છે. - ગાંધીજી

પ્રાર્થના સર્વોપરી ક્રિયા છે સર્વોપરી વિચાર છે મનુષ્યની શક્તિને પરમાત્મા ના સામર્થ્ય સાથે જોડનારી કરી છે. - અરવિંદ

**'શાને ભમે છે' ?.**

વાયુ, જળ, આકાશ, અગ્નિ,
અને ધરતી મને ગમે છે.
આ પંચ ને સહારે જીવું છું,
કુદરત મને ગમે છે.
વાયુ છે તો પ્રાણ છે, જળ એ જીવન છે,
સાચો માનવ ધર્મ છે,
મંદિર, મસ્જિદ શાને ભમે છે ?
આકાશ છે તો પ્રકાશ છે, ધરતી એ શક્તિ છે,
નમન કર એ ધરતી ને,
અંતે તો કાયા આમાંજ વિરમે છે.
રહી જશે યાદો તારી, વિસરાઈ જઈશ તું પળમાં,
સાવધ રહેજે ખબર નથી,
કોણ ક્યાં રમત રમે છે ?

-મહેશ રાણા, વડોદરા.

**કીરણ શોભે...**

(રાગ : દુર્ગા–જપું જગદંબા..)
કીરણ શોભે માત માતરીને મુખે
આપે ઓમ સમ ઓપ ૐ કાર...
ડુંગર ઓસમ ઓપે છે હેમના કીરણથી
દોડે હૈયું 'મા'ની પાસ...
ભાવ જગાડે રૂદે ભીતર દરશનની
હરખે હૈયું દરશન કરતાં...
મહેર છે માની મૂરતી સ્થાનો સ્થાને
પાવન કર્યા રાજકોટ ગઢ જૂનાણાને...
વાવમાં નિવાસે નગરે મંગલપૂરમાં
આપી દરશનની લ્હાણ હૈયે ધારણ કરી...
કૃપા કરી તાર્યું શુકલ–છાયાનું કુળ દેવીએ
ઉપકૃત કર્યા માતરીએ ભક્તોને...કીરણ

–પિનાકી સૂર્યશંકર શુકલ,રાજકોટ.

હાસ્યમેવ જયતે:

## **ટિફિન ખાનારા લોકો** – મહેશ ધોળકિયા

પૃથ્વી પૂરા ગોળા પર આ વર્ગ વિસ્તરી રહયો છે.અયુક્તિ લાગતી હોય,તો(આમ તો જો કે,'અત્યુક્તિપ્રિયાઃ ખલુ સાક્ષરાઃ'! છતાં,) લો ને,ફેરવી તોળ્યું !–સંપૂર્ણ હિંદના નકશા પર,આજે લોકોનો આ ત્રીજો વર્ગ ઉપસી આવેલ દેખાય છે.

સાવધાન વાચકો!

('વંચકો' ન બનતા)

તમે પણ સંભવ છે કે,આ ગોળના હો!

અત્યાર સુધી નો,વિદ્યાર્થીઓથી લઈને વિદ્વાનો સુધીના અભ્યાસીઓ,માત્ર બે જાતના લોકોથી (હકીકતમાં બે પ્રકારના જીવો Spiceથી) પરિચિત હતા : માંસભક્ષી અને શાકાહારી,અર્થાત્ માંસ ખાનારા લોકો તેમ જ ભાજીપાલો ખાનારા (મજાકમાં 'દાળભાતિયા')એવા લોકો.

પણ હવે આપણા નાક નીચે(નજર જાય છે ત્યાં)વિસ્તરી રહયો છે,ત્રીજો સમુદાય (class) અને તે છે,ન ગરીબ,ન તવંગર,કિન્તુ ટિફિન ખાનારા લોકોનું ધણ.

મૂળ વિષયના પ્રવાહમાં પેસીએ–જે યાત્રા રસપ્રદ રહેવાની,કેમ કે વાત રસનાને લગતી–ભોજનની છે,(રસો વૈસઃ!)–તે પૂર્વે ચોખવટ કે,સુજ્ઞ રસિકો ટિફિન ખાનારા' એ વચનનો વાચ્યાર્થ ત્યજી, લક્ષ્યાર્થ જ ગ્રહશે–'ટિફિનમાં મુકાએલ ખાદ્ય'–ઉક્તિ આલંકારિક છે.ઈંગ્લીશ ગ્રામરમાં Figures of Speech માંનું, આના સરખું એક નથી,container for the thing contained ?દ્રષ્ટાંત છે–

તે નાસ્તાની ચાર પ્લેટ ઝાપટી ગયો.

મતલબ તો આ કે,

જો કે આ બાબત સ્પષ્ટીકરણની ભાગ્યેજ જરૂર ગણાય કે, 'બાસ્કેટ જેનું બનેલું છે,તે મટિરિયલને –પિત્તળ,પછી સ્ટીલ અને હવે ફાઈબરને–જમી જનાર નહિ,છતાં ક્યારેક આવો વહેમ જાય,તો ક્ષમ્ય ગણાય,એમ અમુક માણસો(!)સળિયા,ખીલા અને પથરા આરોગતા આપણે વીડિયો–ક્લિપ્સમાં નથી જોતા શું?!)

હવે સલામત રીતે બાસ્કેટ–પ્રવેશ,આઈ મીન ટુ સે,મારૂં મંતવ્ય છે,વિષય પ્રવેશ કરીએ તો,ટિફિન ખાનારા લોકોની હેરિડીટી–પરંપરા કાંઈ નવી નથી.ધારીએ તો,તેને ઘુમલી અને સીધુખીણ–સંસ્કૃતિ સુધી ઈ.પૂ.પાંચ હજાર વરસ સુધી તો નીરાંતે ખેંચી શકાય.(એવો વિદ્વાનોનો એક મત છે–વિદ્વાનો 'એક–મત' છે એમ નહિ!)એ મુજબના ટિફિનના નમૂના–ભલે માટીના તો માટીના!–પણ 'સાઈટ' પરથી મેળવી તો શકાય! તે પછી આર્યો હિમાલયન ખૈબર ઘાટથી પંજાબ થઈને ભારતની અંદર પ્રવેશ્યા તે ટિફિન લઈને,એવું તો સહેલાઈથી,પુરાવા સાથે પુરવાર–પ્રુવ કરી શકાય–એવો નાતો ટિફિન સાથે આપણો છે!

પણ આપણે કંઈ ભૂત–પ્રેત ઓછા જ છીએ કે આધેના ભૂતકાળમાં અવળે પગલે ભટકતા રહીએ?

આવો,પ્રેઝન્ટ ટાઈમ્સમાં,

આમ જુઓ! સામેથી ટિફિન–ધારી બિરાદરોનું એક નાનું ઝૂંડ ચાલ્યું આવે છે.આ છે મીલ(આપણો અસલી–પાયોનિયર ઉદ્યોગ!) કારખાનાં,ફેકટરીઓ અને બાંધકામના ક્ષેત્રે કામ કરનારા મજૂરો,કામદારો તથા કારીગરોનું વૃંદ. આ લોકો છે ટિફિનના મૂળ કોન્સેપ્ટના જન્મદાતા. ઘરથી આઘેના સ્થળે કામ પર જવાનું,તેમ જ સમયની અનિયમિતતા–આ બે પરિબળોએ કોમરેડ્ઝને–શ્રમિકોને ટિફિનનું નિર્માણ અને નામકરણ કરવા પ્રેર્યા.કેવું મૃદુ–મધુર નામ ! બે 'ઈ'–કારની જાણે બંસી બજી!

ટિફિનને આપણે શ્રમજીવી–સમાજના નવ–જાગરણનું સિમ્બોલ સ્થાપિત કરી શકીએ.

એક આદર્શ મજૂર પરિવારનું ચિત્ર આ :

'કામે ચાલ્યાં'–જેમાં મર્દ નાના બચ્ચાને ખંભે બેસારી ઓજારો–ટૂલ્સ લઈને આગળ ચાલે છે,અને તેની પડખોપડખ માથે ટિફિન મૂકી ચાલી આવે છે એની સહધર્મ–ચારિણી!

બરાબર second world war બીજા વિશ્વયુદ્ધના ટાણે (અથવા કટાણે!)–જો કે ટિફિનની હસ્તીને આની સાથે કંઈ લેવા–દેવા નથી,પરંતુ આ કાળખંડ(!) વખતે આપણું તારિફેદાદ ટિફિન એક અભૂતપૂર્વ ક્રાન્તિમાંથી ગુજરી રહયું હતું.એકાઉન્ટન્ટસથી લઈને એડમિનિસ્ટ્રેટર્સ સુધીના બૌધિક કર્મચારીઓ જેને આપણે ઉજળિયાત મધ્યમ વર્ગ તરીકે ઓળખ્યા છે–તેનાં ધાડાં મોહમયી મુંબઈની લોકલ ટ્રેનો ભરી ભરીને,જાણે કે ઠલવાયાં,અને શ્રમજીવી 'ટિફિન ખાનારા લોકો' પર છવાઈ ગયાં! આમ,શ્રમિક સમુદાયની ટિફિન બોક્સ પરની 'મોનોપોલી'–એકાધિકાર સત્તા સમાપ્ત થઈ.

–અને કદાચ,અલગ પહેચાન પણ!

મહાનગરી–Metropolis મુંબઈની લાઈફ લાઈન સમાન આ ઉલ્લેખ સાથે જ,મિત્રો, સ્મરણ થઈ આવ્યુંને,એના એકથી બીજા છેડા સુધી ફેલાયેલી,અજબ–ગજબની ટિફિન સર્વિસનું?એક કર્મચારી,આ અલબેલી અલકમલકની મુંબઈ નગરીના કોણ જાણે ક્યા એરિયાના,ક્યા બિલ્ડીંગના કેટલામાં માળે રહેતો હોય,તેના ટિફિનને,બીજા હજારો–હા, લિટરલી થાઉઝન્ડસની સાથે, ઊંચકી,સમયસર અને સલામત,કોણ જાણે ક્યાં આવેલા એના કાર્યાલયે પહોંચાડવું–આ ચમત્કારિક વ્યવસ્થા તંત્રનો અભ્યાસ કે'છે કે વિશ્વના વિકસિત દેશોના નિષ્ણાતો આવેલા.પરંતુ જગતભરમાં વિરલ આ ટિફિનતંત્રનું નામ કેવું ગોબરૂં ને ભૂંડું ભખ 'ડબ્બા વાલા'!

ક્યાં ટિફિન નામ,જાણે એફિલ ટાવર!

અને ક્યાં ભંગારના 'ડબ્બા'

શેક્સપિયર,બિચારો,શરમિંદો હશેઃ what is in a name ? નામમાં તે શું રાખ્યું –એવું લખવા માટે?!

ટિફિનનાં તો નામ અને રૂપ પણ રમણીય.

બે,કે મોટે ભાગે,ત્રણ ખાનાંની એની કામ્ય કાયા,બે બાજુના ચપોચપ બંધથી નિબદ્ધ શોભે.ને અગાઉનાં ટિફિન બોક્સની ચોટી પર એક નાનકીક દેરી વરતાય,જેમાં અથાણું કે ચટણી મુકાય.ભારતીય અને,ખાસ તો,ગુજરાતી ભોજનની મેજર વાનગીઃ સૌથી નીચે દાળ,વચ્ચે શાક કે કઠોળ અને ઉપર રોટલી વાળી મૂકી હોય,ને અગાઉનાં ટિફિન બોક્સની ચોટી પર એક નાનકડી દેરી વરતાય,જેમાં અથાણું કે ચટણી મુકાય.ભારતીય અને ખાસ તો ગુજરાતી ભોજનની મેજર વાનગી : સૌથી નીચે દાળ,વચ્ચે શાક કે કઠોળ અને ઉપર રોટલી વાળી મૂકી હોય,ને તેની પડખે થોડો ભાત.ક્યારેક પ્રસંગે–ઉત્સવે એકાદી મીઠાઈ બની હોય તો તે સર્વોપરિ ખાનામાં બેસવા અધિકારી !

આપણા આજના સાંપ્રત સમયમાં આવતાં–આવતાં ટિફિન ખાનારા લોકોએ મહા ઉત્કાન્તિનું સ્વરૂપ પકડી લીધું,એ રીતે કે મજૂરો ને કારીગરોની સાથે સમાજનો સંપન્ન વર્ગ પણ ટિફિન ખાતો થઈ ગયો ! આમ,સમાજવાદીઓ– Socialistsનો જે વર્ગ–વિહીન સમાજ નો આદર્શ,તે આજના ટિફિન ખાનારાઓએ રમતાં રમતાં (ખરેખર તો ખાતાં ખાતાં !) સિદ્ધ કરી દીધો !

બધા ભેદ ટિફિને ભૂંસી નાખ્યા :

ગઈકાલના સમાજના દસ ટકા લોકો ટિફિન ખાનારા હતા,એની સામે આજે સાઈઠ ટકા ટિફિન જમે છે,અને તેના ચાલીસ ટકા ટિફિન બનાવે છે !(આધારભૂત નહિ,તો ય અદ્‌ભૂત આંકડા !)

અગાઉ ટિફિન ખાનારા મજબૂરી અનુભવતા, હવે લક્ઝરી !

પહેલાંના જમાનામાં (હમારે જમાને મેં!) બહાર કામે જનાર ઘેરથી ટિફિન લઈ જતા,આજે બહારથી ઘરમાં ટિફિન, કામ ન કરનાર માટે આવે છે !

મિત્ર,તમારૂં ટિફિન ઠરી જશે, જમી લો!

નિર્બળતા ક્યાં છે ? બલિષ્ઠ કોણ છે ? કોણ મોટું છે અને કોણ નાનું? આ જગતમાં બધી વસ્તુઓ અદ્ભુત અને પરસ્પરાવલંબન માં છે. અહીં અહીં નાનામાં નાનો પરમાણુ પણ સંપૂર્ણ વિશ્વના અસ્તિત્વ માટે આવશ્યક છે. પછી આપણે કોને ઊંચું કહીએ અને કોને નીચું? દરેક વસ્તુમાં તે અનંત અસ્તિત્વ રૂપી સમુદ્ર ઓતપ્રોત છે. તે અનંત જ છે. વૃક્ષ અનંત છે. દરેક વસ્તુ જેને તમે જુઓ છો કે પ્રત્યેક જીવ પ્રત્યેક વિદ્યમાન વસ્તુ અનંત છે. આજ છે આપણી હસ્તીનું સ્વરૂપ. બધા જ દુઃખોનો આ જ એક અમોઘ ઉપાય છે. ચાલો, આપણે ગાઈએ સોહમ... સોહમ. મને ન ભય છે, ન સંશય, ન મૃત્યુ. હું જાતિ- લિંગ - વર્ણથી પર છું. મને કયો સંપ્રદાય બાંધી શકે? બધા પંથોમાં હું જ અનુસ્યૂત છું. - સ્વામી વિવેકાનંદ

## સદ્‌વિચાર :

- સ્નેહના સરવાળા કરજો,ભૂલચૂકની બાદબાકી,સહકારનો ગુણાકાર અને વેરઝેરનો ભાગાકાર કરજો.
- બધા જ 'ઘા'ની દવા છે,પણ કટુવાણીના 'ઘા'ની કોઈ દવા નથી.
- માણસ માત્ર પોતાની દ્રષ્ટિ છોડી,બીજાની દ્રષ્ટિએ જોતો થાય તો અર્ધું જગત શાંત થઈ જાય.
- સુખી થવા આખી જિંદગી દુઃખી થાય એનું નામ માણસ.
- સત્સંગી જીવન હંમેશા સમાજથી બેડગલાં આગળ હોય છે.
- વિશ્વાસ અને પ્રાર્થના આત્માના બે વિટામીન છે.
- પ્રાર્થના ઈશ્વરનો મોબાઈલ નંબર છે,નેટવર્કમાં રહો તો જ રીંગ વાગે.
- આનંદ એ એક દૈવિક ઔષધ છે કે દરેકે તેનું રસપાન કરવું જોઈએ.
- પ્રસન્નતા આત્માનું સ્વાસ્થ્ય છે અને ગમગીની આત્માનું ઝેર છે.
- અનુભવ જ્ઞાનનો પિતા છે,અને યાદશક્તિ તેની માતા.
- આંખ નહીં ધરાવનાર કરતાં પોતાના દોષ છુપાવનાર આંધળો હોય છે.
- મહેનત એ એવી સોનેરી ચાવી છે,જે ભાગ્યનાં દ્વાર ઉઘાડી નાખે છે.
- નિષ્ફળતા મળે તો હિંમત રાખજો,સફળતા મળે તો વિનમ્રતા રાખજો.
- મસ્ત રહો,વ્યસ્ત રહો,અલમસ્ત રહો પણ,અસ્તવ્યસ્ત ન રહો!
- 'ઈશ્વરેચ્છા બલિયસી' જે કંઈ થયું છે તે ઈશ્વરની ઈચ્છાથી જ થયું છે.જે કંઈ થઈ રહયું છે તે પણ ઈશ્વરની ઈચ્છાથી જ થઈ રહયું છે,જે કંઈ થવાનું છે તે પણ ઈશ્વરની ઈચ્છાથી જ થવાનું છે,તેથી જ ઈશ્વર ઉપર ભરોસો રાખી જે હરિ કરશે તે મમ હિતનું એમ માની ચિંતામુક્ત બનો,નિર્ભય રહો.

---

## અનંતના ચાત્રીઓને શ્રદ્ધાંજલી :

વડોદરા : ભુપેન્દ્રભાઈ સુખવંતરાય ખારોડ,શ્રીમતી હર્ષદાબેન મદનકુમાર ખારોડ,અરવિંદાબેન પ્રભાકરભાઈ બક્ષી, અશોકભાઈ ભૂપતરાય ધોળકિયા, કલ્પનાબેન સતીષચંદ્ર ઓઝા, પુનિતાબેન મનનભાઈ અંતાણી, શ્રીમતી કલાવતીબેન વિષ્ણુપ્રસાદ બુચ // રાજકોટ:પદ્મનાભભાઈ ભાસ્કરભાઈ વછરાજાની, સુહાસિનીબેન અશ્વનીભાઈ(અરુણભાઈ) વ્હોરા, પ્રતીક્ષા બેન સુનિલભાઈ રીંડાણી

અમદાવાદ : શ્રીમતી ખેવના કંદર્પભાઈ ધોળકિયા (ઉ. વ.ક૫) સુશ્રી હેમાબેન નરેન્દ્રભાઇ શુક્લ, શ્રી મહેશભાઈ હેમતલાલ વસાવડા, શ્રીમતી વીણાબેન પદ્મકાન્તભાઈ દીવાન, અ.સૌ. ભાવનાબેન સતીશચંદ્ર વૈષ્ણવ, કિરણાબેન પૂર્ણેન્દુભાઈ અંજારિયા, (ઉ.વ. ૭૭) શૈલેષ (સુબંધુ) અંજારિયા,//ભાવાંક પ્રશાંતભાઈ બુચ (ઉ ૩૫) ગાંધીનગર : મહેશભાઈ બાબુલાલ અંતાણી (ઉ.વ.૮૧ નિવૃત એસ.ટી. ભુજ)//ભુજ : રેખાબેન ભાલચંદ્રભાઈ વોરા //ભાવનગર : શ્રીમતી પ્રકાશીનીબેન ભદ્રેશભાઇ મહેતા// કરમસદ : નયનાબેન પંકજભાઈ ઓઝા// અમેરિકા : શ્રીમતી હિમાદ્રીબેન શમિકભાઈ દેસાઈ// ડૉ. હરિકેષ ગુલાબરાય બુચ- કાંદિવલી

આપણા સંસ્કાર નેતાઓ :

## સર પ્રભાશંકર પટ્ટણી

સર પ્રભાશંકર પટ્ટણીનો જન્મ મોરબીમાં સંવત ૧૮૬૫ ના ચૈત્ર માસમાં પૂર્ણિમાને દિવસે થયો હતો. બાલ્યાવસ્થા મોરબીમાં વ્યતિક થઈ. પ્રાથમિક શિક્ષણ મોરબીમાં જ મેળવ્યું. તેમની ઉચ્ચ કેળવણીના કેન્દ્રો રાજકોટ અને મુંબઈ બન્યાં અને એ કાળની મેટ્રિકની પદવી પ્રાપ્ત કરી. પિતા દલપતરામભાઇ આયુર્વેદાચાર્ય માણાવદરમાં વૈદકીય નિષ્ણાંત... જેવો રાજ વૈદ્ય હતા. ઉછરતા યુવાન પુત્ર વેકેશનમાં માણાવદર આવે. ઉપલા વર્ગમાં એક જ શાળાના સહાધ્યાયી કોલેજમાં ભણતા હોઈ, મીતભાસી પ્રભાશંકરભાઈ ને જોઈ ઊગતી મૂછોવાળા જુવાન કોલેજના ઉચ્ચ અભ્યાસના મદમાં હુંકાર અનુભવતા હસતા. એ વખતના ઓછા બોલા મહાનુભાવ તેમના સહવાસમાં આવતા શરમ અનુભવતા પરંતુ કોઈને જાણ ન હતી કે આજના થોડું બોલતા તેમના સંગાથી કાલના ભારતના એક અગ્રગણ્ય મહાપુરુષ હતા.

બાલ્યાવસ્થાનું સમય એ રીતે ચાલ્યો ગયો અને શિક્ષણની બની શકે એટલી સાધનાથી શ્રી પ્રભાશંકરભાઈએ જીવન કારણમાં ઝંપલાવવાનું શરૂ કર્યું. તેમણે શિક્ષકની સર્વ ફળદાય નોકરી સ્વીકારીને સ્વર્ગસ્થ મહારાજા સાહેબ શ્રી ભાવસિંહજી યુવરાજ પદે હતા, ત્યારે તેમના રાજકુમાર કોલેજના શિક્ષણ કાળમાં શિક્ષક બની સહચારી થઈ તેમની અનન્ય ભાવથી સેવા કરી ભાવિના ઉત્કર્ષ માટે તપ આદર્યું. એ સાધનાના પરિણામે મળી રહી કાર્ય સિદ્ધિ. બાળ મહારાજા ગાદી પતિ બન્યા. ભાવેણાના રાજવી સેવ્ય ભાવે કરેલી સેવકની સેવાને ભૂલ્યા નહીં અને અનન્ય ભાવે કરેલી સેવાની કદર રૂપે પોતાના અંગત સેવક તરીકે ભાવનગરમાં જ શ્રી પ્રભાશંકરભાઈને સ્વીકારી લીધા.

એ પ્રભાવશાળી મહાપુરુષના આદર્શોમાં મહારાજા સાહેબને ચતુર ચાણક્યની પ્રતિભા આવિર્ભૂત થતી જણાઈ અને પરિણામમાં પ્રભાશંકરભાઈ ભાવનગર જેવા મહારાજ્યના મહામંત્રી પદે નિયુક્ત થયા. રાજસ પ્રકૃતિનો લાક્ષણિક સ્વભાવ ક્ષણે 'રૃષ્ટા ક્ષણે તૃષ્ય' એટલે કે ઘડીમાં રિઝાય અને ઘડીમાં ખીજાય. તેથી જ વિચક્ષણ રાજપુરુષો એ રીઝમાં ઉપરવટ હર્ષઘેલા બનતા નથી, ન તો ખીજ માં વધારે હતાશ થતા નથી. એ રીતનો સમય દેખાયો ત્યારે પ્રભાશંકરભાઈ સને ૧૯૧૨ માં મુંબઈ સરકારની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના મેમ્બર બની ગયા.

સને ૧૯૧૬ માં તેઓ મુંબઈની ધારાસભ્યના સભ્ય બન્યા અને સને ૧૯૧૭ની સાલમાં દિલ્હીમાં

ઊડતા રથમાંથી પર્વતીજીએ શિવજીના એ ભક્ત સામે આંગળી ચીંધતા કહ્યું: હે નાથ! પેલો તમારો દુ:ખી ભક્ત તમને યાદ કરી રહ્યો છે, ચાલો તેને મદદ કરીએ. ભલે, કહી ભગવાન શંકરે રથ એ તરફ લીધો. ભક્ત સામે જઈ પ્રસન્ન ચહેરે પૂછ્યું : 'બોલ વત્સ તારે શું જોઈએ છે?' ભગવાનને બંને હાથ જોડી ગદગદ અવાજે તે ભક્ત બોલ્યો : 'પ્રભો! મને મારી ગઈકાલની ગરીબી પાછી આ..પો! - વિનોદ ભટ્ટ

ઇમ્પીરીયલ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય થયા. શ્રી પ્રભાશંકરભાઈના પ્રતિભાશાળી જીવનની દિવ્યપ્રભા સ્વયં તેજી બની ઝળહળી રહી. એમની અગાધ શક્તિના અંબાર દૂર દૂર દેશંનતરો માં પથરાઈ ગયા અને સર પ્રભાશંકરભાઈ પટ્ટણી ઇન્ડિયા કાઉન્સિલના સભ્ય બની ઇંગ્લેન્ડના નિવાસી થયા ભારતના એક સૌરાષ્ટ્રવાસીની કેવી અને કેટલી શક્તિ હોઈ શકે તેની વિદેશમાં પ્રમાણિત થતાં પુરવાર કરી આપી. આવા નોંધપાત્ર વર્ષો અને ૧૯૧૭થી ૧૯૧૯ હતાં .ત્યાર પછીના વર્ષમાં ભાવનગરના મહારાજા સાહેબ શ્રી ભાવસિંહજી નો સ્વર્ગવાસ થયો.

ચઢતી ની શિખરે જઈ પહોંચેલા સર પ્રભાશંકરભાઈ પટ્ટણી એ પંક્તિના રાજભક્ત ન હતા કે ભાવનગરના મહારાજે કરેલા અગણિત ઉપકારોની બઢતીની કેફમાં અવહેલના કરે.

એ વિપરીત સમયે ભાવનગર મહારાજ્યની પ્રજાની અને સદગતે મુકેલા બાળ મહારાજા ની યાદ આવી અને તેમના મદદગાર બનવાની પવિત્ર ફરજ બજાવવાની ઉત્સુકતા તેમના વિચાર ક્ષેત્રમાં ઉગ્ર ભાવે ઝણઝણી ઊઠી. એ ફરજ બજા વાર તત્પર થઈ અને તે મહારાજ ના સહવહીવટી તંત્રમાં મોવડી બની મોખરે આવી ઊભા રહ્યા. તેના પ્રગતિશીલ વહીવટી તંત્રે ભાવનગર મહારાજ્યના ગૌરવમાં અનેરો વધારો કરી દીધો, જેના પ્રત્યક્ષ પ્રમાણો આજે પણ મળી રહે છે.

સર પ્રભાશંકર પટ્ટણી ને એ તો સારી રીતે સમજાઈ ગયું હતું કે, સૌરાષ્ટ્રનો દેશ ખેતીપ્રધાન દેશ છે. એ ખેતીનો વિકાસનો સઘળો આધાર ખેતીના કરનાર એટલે કે ખેડૂત ઉપર જ અવલંબિત છે. જે દેશનો ખેડૂત પહોંચતો પામતો તેનો દેશ ઉજળો. સર પ્રભાશંકરભાઈએ પોતાના સ્વતંત્ર રાજ વહીવટના પ્રથમ વર્ષે જોયું તો તેનો ખેડૂત ન દેખાયો પહોંચતો કે ન પામતો. કારણ તપાસતાં ઇતિહાસના ઊંડાણમાં તેનો ખેડૂત રાજ્યના કરજના બોજાની ઊંડી કરતા ગબડેલો દેખાયો. રાજ્યનું કરજ તપાસ્યું તો નીકળ્યું ૬૫ લાખનું. સર પ્રભાશંકરભાઈ જેવા પ્રગતિકારક વહીવટકર્તાનું હૃદય દ્રવી ઊઠ્યું, અને એક ઝપાટે એક જ ના બોજામાં સબડતા ખેડૂતોને ઋણ રાહત આપી રાજ્યનું પાંસઠ લાખ નું કરજ નાબૂદ કરી નાખ્યું.

એવી જ વહીવટ કાર્ય ગામડાના ખેડૂતોને પણ ગામડાના નાની મોટી પેઢીઓ અને વેપારીઓના નાના-મોટા કરજમાંથી મુક્ત કરી ઋણ રાહત ના સાધન તરીકે હર હંમેશ મદદરૂપ બની રહે તે માટે એગ્રીકલ્ચર કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની યોજનાને અમલમાં મૂકવાનો પ્રબંધ કરી દીધો.

સિકંદર બાદશાહના પિતા પરાક્રમી રાજા ફિલિપ હતા. સિકંદરની નાની ઉંમરે ફિલિપે યુરોપ -એશિયાના ઘણા દેશો ચડાઈ કરીને સર કરી લીધા. તેઓ વિજયી થઈને પાછા આવ્યા, ત્યારે આખા રાજ્યમાં આનંદોત્સવ થયો. પણ દીકરો દિગ્વિજયના આ સમાચાર સાંભળી નાનો સિકંદર રડી પડ્યો. કોઈએ એને ઠપકો આપી પૂછ્યું, આમ કેમ રડે છે ?તારા બાપ હમણાં જ આખી દુનિયા જીતીને આવ્યા છે. એટલે તારે તો હરખાવું જોઈએ. નાના સિકંદરે જુસ્સાથી જવાબ આપ્યો,' જો મારા બાપ આખી દુનિયા જીતી લેશે તો પછી મારે જીતવાનું શું બાકી રહેશે?'

ઋણ રાહતના કારણે ખેડૂત ચડતો થયો અને ખેતીને આબાદ કરવા સાધનો વસાવતો થયો. પિયત મૂળને વધારે અવકાશ મળે અને ખેતી વિકાસ થતો જાય તેવા સ્તુત્ય હેતુના કારણે ઇરીગેશન ખાતું શરૂ કર્યું. એ ખેતીના વિકાસને કારણે સમૂહ ખેતીનો દૂર ક્ષિતિજમાં ઉદ્ભવતો ફળદાયી સિદ્ધાંત એ દુરંદેશી સિધ્ધ સાધક ની વિચાર શ્રેણીમાંથી વિમુખ રહી શક્યો ન હતો.

બંદરો વિકાસ પામે એથી વેપાર ઉદ્યોગના વિકાસ માટેના સાધનો આપોઆપ મળી આવે પરંતુ માલની જમાવટ બંદરોમાં થઈ પડે ત્યારે તેને ખસેડવા માટેના સાધન માટેની પ્રથમ તૈયારી માટે પુખ્ત વિચાર વણમાગે કરવો જ રહે. તેને માટેનું અપૂર્વ સાધન માત્ર રેલ્વે જ હોઈ શકે. તે બંનેના વિકાસ પરસ્પરસ અવલંબેલો દેખાયો. એ ક્ષણે એ ચતુર ચાણક્યની દુરંદેશી વિચાર શ્રેણીમાં ઉદ્ભવ્યો અને પરિણામે ૧૩૦ જેટલી વિશાળ રેલ્વે લાઈન ₹ ૯૦ લાખ ને ખર્ચે બંધાઈ ગઈ; જેનો લાભ આજે સૌરાષ્ટ્રની પ્રજા લઇ રહી છે. દૂર દૂર દેશના યાત્રિકો આજે શત્રુંજયના પવિત્ર પહાડ ઉપરના સિદ્ધ પુરુષોના દર્શનથી કૃતાર્થ થાય છે. બંદરો અને રેલવે ના વિકાસ એ ધનની છોળો ઉડાડી અને એ મહાપુરુષના બુદ્ધિ પ્રાબલ્યના પ્રત્યક્ષ પ્રતિક રૂપે કૃષ્ણનગરમાં ધનાઢ્યોના વિપુલ લક્ષ્મીથી બંધાયેલા મકાનોની હારમાળા આજે પણ ઝળહળી રહી છે.

એ કાળની સંસ્કૃતિની સફળતા શહેર સુધરાઈ મેળવવામાં હતી. ન્યાયના ક્ષેત્રે માનદ મેજિસ્ટ્રેટોની સેવાના ફળ ચાખવામાં હતી. કૃષિકાળના ક્ષેત્રમાં ખેડ હકો મેળવી પોતાની માલિકીની ખેત જમીન મેળવી, તેના પર લેવડદેવડની પ્રણાલિકામાં હતી. ગ્રામ્ય પ્રદેશોમાં પંચાયતના સભ્યો બની પંચાયતના તંત્રને સફળતા અપાવી દાખલા રૂપ બનવામાં હતી. રાજ્યના કર વિનાના શ્રમજીવીઓ અને કારીગરો બનાવવામાં હતી. અજ્ઞાન બાંધવોને વિના મૂલ્ય પ્રાથમિક શિક્ષણ આપવામાં હતી. એ સમર્થ વહીવટ કર્તાનું પોતાના ૧૧ વર્ષના વહીવટી તંત્રના આબાદ સંતુષ્ટ અને સંસ્કારી પ્રજા સર્જાવવામાં આત્મસ સંતોષ હતો.

એ કાળમાં આટલી શિષ્યવૃત્તિઓ ન હતી. ગોખલે જેવા સમર્થ ગણિત શાસ્ત્રીને અને વિદ્વાનને પણ મ્યુનિસિપાલિટી ના ફાનસે વાંચી વિદ્યાર્થી જીવન ગાળવું પડેલું. ત્યાર પછીના દસકામાં સર પ્રભાશંકર પટ્ટણીએ પોતાને છૂટે હાથે અનેક માણસોને શિષ્યવૃત્તિઓ આપી આગળ લાવવા પ્રયત્ન કર્યો. સમસ્ત ભારતમાં એક પણ પ્રાંત અને ઇલાકો એવો નથી કે જેમાં ખરેખર ગરીબ સમાજના ભણનાર વિદ્યાર્થીને તેમના તરફથી મદદ મળી ન હોય. તેમની ઉદારતાનો એક અદ્ભુત દાખલો છે, મુંબઈમાં વિક્ટોરિયા ગાડીમાં તેઓ પોતાના કાર્યાલય જતા હતા; રસ્તામાં એક ફકીરે ગાડી બે હાથ ઊંચા કરી ઉભી રખાવી અને સર પટણી સાહેબના પાસે બે હાથ જોડી માગણી કરી. દરેક માનવીમાં પ્રભુને જોનાર રાજર્ષિ એ પોતાની પાસેના થેલાનું મોઢું પહોળું કરી દીધું કે, સાંઇ આપને ગમે તેટલા પૈસા લઈ લો. ફકીરે મુઠ્ઠીમાં સમય કેટલા રૂપિયા લીધા હતા તેમ કહેવાય છે.

સ્તુતિ એટલે ભગવાનની શક્તિ અને તેમના ગુણો ગાઈએ તે એવા ગુણો આપણામાં આવે, એવી એની પાસે માગણી કરવી એનું નામ પ્રાર્થના. - રવિશંકર મહારાજ

એક વખત રાજ્યના અતિ મહત્વના કામે તેઓ વિદેશ જવાના હતા. તે વખતે પ્રજાના એક પ્રતિષ્ઠિત કુટુંબમાં કલહ થયેલો તેણે સાંભળ્યો. ઇન્ડિયા કાઉન્સિલ મુંબઈની કારોબારી સમિતિ અને એક મોટા રાજ્યના એડમિનિસ્ટેટર તરીકે કામ કરનાર આ એક કુટુંબ કલહથી કકળી ઉઠ્યા. તેને આ વાત અસહ્ય લાગી. રાત્રે તમામ કામ આટોપી તેણે એ કુટુંબના માણસોને આવો કલહ, તેને તેમજ ભાવનગરને શોભાસ્પદ નથી તેની સમજ પાડી. આનંદથી સમજાવટ કરી છુટા પાડ્યા. મુદ્દો એ છે કે જે આવી મોટી જવાબદારી વાળા અને મોભાદાર જગ્યાએ કાર્ય કરનારના મનમાં પ્રજાની ઝીણામાં ઝીણી લાગણીઓ માટે પૂરતું સ્થાન હતું.

દેશી રાજ્યના યુગમાં મહાત્મા ગાંધીજીના પરમ ભક્ત થઈ શકે તેવી શક્તિ તેમણે કેળવેલી. રાષ્ટ્ર અને મહાત્માજી માટેના તેમના પ્રેમનો એક અદ્ભુત દાખલો તાજો કરીએ... પોતાના યુરોપના પ્રવાસ દરમિયાન યુરોપમાં એક ચિતારા પાસે મહાત્મા ગાંધીનું ચિત્ર તેમણે જોયું. ચિત્ર પરથી રાષ્ટ્રપિતાની પ્રતિમાનું દર્શન થતાં તેમણે ચિતારા પાસે એ ચિત્રની માંગણી કરી પ્રથમ ચિતારાએ  સાફ ના પાડી પરંતુ ખૂબ સમજાવટ બાદ ચિતારાએ આખરે છબી આપી. શ્રી પટ્ટણી સાહેબે આ છબીને એક પેટીમાં સીલબંધ રાખી. પોતાના કુટુંબીજનોને આજ્ઞા કરી કે ભારત સ્વતંત્ર થાય ત્યારે આ પેટી ખોલવાની છે. ૧૯૪૭ ના ઓગસ્ટની ૧૫મી તારીખે એ સુવર્ણ દિન આવ્યો, અને આઝાદીનો સૂર્યોદય આપણે ત્યાં ઊગ્યો. આપણી પાર્લામેન્ટમાં શ્રી અનંતરાયભાઈએ પિતાની આજ્ઞા પ્રમાણે રજૂ કરી અને તે ખોલતાં પૂજ્ય રાષ્ટ્રપિતાની અદભુત છબી -ચિત્ર સભાગૃહને મળી. આ પ્રસંગે મુખ્ય સીલ તોડતી વખતે ભારત પ્રમુખ શ્રી રાજેન્દ્રપ્રસાદ અને વડાપ્રધાન પંડિતજીએ હાજરી આપેલી. આ છબી ખરીદનાર અને તેને આટલા વર્ષે સોંપનાર બંનેના રાષ્ટ્રપ્રેમ માટે સભા ઘડીભર મુગ્ધ બની ગઈ. આ પ્રસંગને ૧૯૪૭ના ઓગસ્ટ માસના વર્તમાનપત્રોએ 'સ્વાધીન હિન્દની પહેલી પાર્લામેન્ટમાં ભાવનગરની ભેટ' એ રીતે અજોડ અને અમૂલ્ય પ્રસંગ તરીકે વર્ણવેલો.

ખેડૂતોની દશાની પૂરેપૂરી સુધારણા કરવા નિવૃત્ત થયા પછી પોતે ભાવનગર રાજ્યના માનદ વસુલાતી અધિકારી તરીકે કાર્ય કરતાં અને એ રીતે રાજા અને પ્રજાનું કાર્ય કરતાં તેમનું સ્થૂળ શરીર સને

શુભ મન અને અશુભ મન એમ બે મન નથી. ખરેખર તો મન એક જ છે. માત્ર વાસનાઓ જે શુભ અને અશુભ એમ બે જાતની છે. શુભ વાસનાઓ ના સંગવાળું શુભ અને અશુભ વાસનાઓના સંગવાળું અશુભ કહેવાય છે. બીજાઓ ગમે તેટલા ખરાબ માણસ દેખાય તોયે તેઓને ધિક્કારવા નહીં. રાગ તેમજ દ્વેશ નો ત્યાગ કરવો. મનને સાંસારિક વિષયોમાં અતિશય પરોવવું નહીં. બની શકે ત્યાં સુધી બીજાઓના કાર્યોમાં માથું મારવું નહીં. જો અહં ભાવ ઉભો થાય તો સર્વ કંઇ ઊભું થાય છે. જો અહંભાવનો નાશ થાય તો ધારણ કરીને વર્તીશું તેટલા પ્રમાણમાં આપણું શ્રેય જ થશે. - રમણ મહર્ષિ

૧૯૩૮ ફેબ્રુઆરીની ૧૬ મી તારીખે શિહોર મુકામે છૂટી ગયેલું.

આ કર્મયોગીનો કર્મ સન્યાસ એવો ઉજ્વળ હતો, જેને પ્રજાના ઉત્કર્ષમાં અનેરો સાથ પુરાવ્યો હતો. રાજાશાહી યુગમાં પણ તેમણે લોકશાહીના સપના પ્રજાને માટે સર્જાવી બતાવ્યાં અને આખરે યુગ બળે તે સ્વપ્ન ન હતું માયા ન હતી પરંતુ સત્યરૂપે સિદ્ધ કર્યાં. જે મહાનુભાવ નું હૈદરાબાદ ના સલારજંગ કે ગ્વાલિયર ના સર દિનકરરાવ જેવા સમર્થ અમાત્યોની હરોળમાં સ્થાન હતું, જેના કર્મયોગે તે સમયના રાજા મહારાજાઓને સલાહ લેતા કરાવ્યા, ભાવનગર જેવા મોટા સંસ્થાનની સેવા ક્ષેત્રમાં લાંબો સમય જીવન સમર્પિત કર્યું, જેણે પોતાના સિદ્ધ કર્મયોગ વડે યુગ પુરુષ પૂ. મહાત્માજીની પ્રીતિ સંપાદન કરી, તે રાજાશાહીમાં અંતર્ગત બની લોકશાહી કાર્યકર પ્રજા સેવાનો માર્ગ છોડી સન્યસ્ત થઈ સઘળી પ્રવૃત્તિ છોડી વિરક્ત શી રીતે થઈ શકે? વિરમગામ સ્ટેશન પર ફરતા શ્વેત વસ્ત્રધારી ધોળી લાંબી દાઢીની આસપાસ પથરાતા ઓજસવાળા વિશ્વામિત્ર સમા રાજર્ષિને નિવૃત્તિ શી રીતે સંભવે?! એની ચીરકાળ ની સાધના કર્મયોગના અંબાર પ્રસરાવતી હતી, તેના કરતાં તેમની ધાર્મિક ભાવના વધારે દેદીપ્યમાન દેખાતી હતી. એ ધાર્મિક પશ્ચાદ ભૂમિકાની સમજ તો જેણે પુષ્કર રાજના તટ પર આવેલી આદ્યશ્રુષ્ઠા બ્રહ્માજીની અને આશુતોષ ભગવાન શંકરની મૂર્તિના દર્શન કરેલાં હોય અને તે મંદિરમાં અનુષ્ઠાન રૂપે થતાં પૂજ્ય શ્રી પ્રભાશંકરભાઈ પટ્ટણીએ કરાવેલાં પૂજન અર્ચન થતાં જોયાં હોય તેને જ આવી શકે! પશ્ચિમાત્ય દેશોમાં રહી તેના આર્થિક જીવનના પીપાસુઓ સાથે જીવન જીવીને પણ પોતાના સનાતન ધર્મની ભાવના આખર સુધી અપનાવી, એવા નાગર સંસ્કૃતિના સંચાલક, પ્રેરક અને પુરક મહાનુભાવને શત્ શત્ નમન!

મૈત્રી એટલે જગત પ્રત્યે નિર્ભર નિર્વૈર બુદ્ધિ પ્રમોદ એટલે કોઈપણ આત્મા ના ગુણ જોઈ હર્ષ પામવો કરુણા એટલે સંસારથી દુ:ખી આત્માના દુ:ખથી અનુકંપાર કામગીરી અપેક્ષા એટલે નિષ્ક્રિય ભાવે જગતના પ્રતિબંધને વિચારી આત્મ હિતમાં આવવું.

અડીને એક હોટલ. સંખ્યાબંધ પ્રવાસીઓ મોટરમાં પસાર થાય પણ ત્યાં કોઈ ઉભું ન રહે. શું કરવું? હોટલ માલિક વિઠ્ઠલ કામત. તેણે પોતાના મિત્રો અને ઓળખીતાઓની મોટરો થોડા દિવસ ઉછીની મેળવી અને હોટલની આગળ હારબંધ ઊભી રાખી. મોટર ની ગીરદી જોઈને પ્રવાસીઓને કુતૂહલ થતું તેથી મોટર થંભાવે એટલે માલિકની સૂચના મુજબ એક-બે છોકરાઓ દોડી આવે અને મોટરને લાગેલી ધૂળની સાફ સુફી કરવા મંડી પડે જરા સાફ સુકી થાય એટલે મોટર માલિક કહે, બાકીનું કામ પતાવી દે ને ! એટલે છોકરો કહે, સાહેબ ધોઈ કરીને પોલીસ લગાવી દઉં, પણ પંદરેક મિનિટ થશે ત્યાં સુધી નિરાંતે બેસો અને તે જેવા તે બેસે કે વેઇટર કહે, સાહેબ શું લાવું ?ચા -ગરમાગરમ નાસ્તો ? અને આ કરામત ભારે સફળ થઈ. ઘરાકી જામી ગઈ!

## જાણવા જેવું :

- શેક્સપીયર અંગ્રેજી સાહિત્યના મહાન સાક્ષર તથા કવિ કહેવાય છે.
- કાલીદાસ સંસ્કૃત સાહિત્યના મહાકવિ કહેવાય છે.
- ડાન્ટે ઇટાલિયન સાહિત્યના મહાકવિ કહેવાય છે.
- ગટે–જર્મન સાહિત્યના મહાકવિ કહેવાય છે.
- તુલસીદાસ હિન્દી સાહિત્યના મહાકવિ કહેવાય છે.
- રવીન્દ્રનાથ ટાગોર બંગાળી સાહિત્યના સાક્ષર તથા મહાકવિ કહેવાય છે.
- હોમર ગ્રીક સાહિત્યના મહાકવિ કહેવાય છે.
- શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી ગુજરાતી સાહિત્યના સાક્ષર તથા પ્રેમાનંદ મહાકવિ કહેવાય છે.
- રોમને સાત ટેકરીઓનું શહેર કહેવામાં આવે છે.
- સ્વિત્ઝરલેન્ડ યુરોપનું ક્રિડાંગણ કહેવાય છે.
- જાપાન ઊગતા સૂર્યની ભૂમિ કહેવાય છે.
- તિબેટ પ્રસિધ્ધ ભૂમિ કહેવાય છે.

## હાસ્ય રસ..હસવાથી થતા લાભ :

- શરીરને હળવું બનાવે છે.
- રોગ પ્રતિકારક શકિત વધે છે.
- હૃદયને તંદુરસ્ત રાખે છે.
- કેલરી પણ વપરાય છે.
- ગુસ્સા પર કાબુ મળે છે.
- લાંબુ જીવન બક્ષે છે.
- ચિંતા કે તનાવ,હતાશા દૂર કરે છે.
- મૂડ સારો રહે છે.
- સંબંધો મજબૂત બને છે. –લોકો આકર્ષિત થાય છે. –પૂરું જીવન આનંદમય બનાવે છે.
- યાદશક્તિ વધે છે. –મતભેદો દૂર કરી સમસ્યાનું સમાધાન કરે છે.
- હાસ્ય એ તંદુરસ્તીની મફતની દવા છે કાયમ લેવાથી નુકશાન નહીં ફાયદો થાય તેવી!..છેલ્લે...
- હસતા ચહેરાને કુદરત હંમેશા મદદ કરે છે,કારણ કે ઈશ્વર ચાહે છે કે મારી રચના હંમેશા હસતી રહે ખુશ રહે આનંદમાં રહે અને વહેંચે!

હવા ખાવાના સ્થળે એક હોલમાં એક વ્યક્તિ ભોજન લઈ રહી હતી. બાજુના ટેબલ પર થોડાક જુવાનિયાઓ એની મશ્કરી કરવા લાગ્યા. પણ એ વ્યક્તિના ચહેરા ઉપર જરાય ફેરફાર થયો નહીં. ભોજન પૂરું થયા બાદ એક યુવાને પેલી વ્યક્તિને પૂછ્યું : 'તમારી મશ્કરીથી પણ સહેજે ઉશ્કેરાયા વિના તમે શાંત કેવી રીતે બેસી શક્યા?
'કારણ કે હું ગાંડાની હોસ્પિટલમાં સુપ્રીટેન્ડેન્ટ તરીકે કામગીરી બજાવું છું.'

## ✌ શ્રીમદ્ દેવી ભાગવતમાં દર્શાવેલ દેવતાઓએ કરેલ મા દુર્ગાની સ્તુતિ :

હે વિશ્વેશ્વરી,હે પ્રાણોની રક્ષા કરનારી
સદાય આનંદરૂપમાં રહેલી અને દેવતાઓને પણ આનંદ પ્રદાન કરવાવાળી,
હે દેવી !આપને અમારા નમસ્કાર!
દાનવોના અંત કરવાવાળી,મનુષ્યની પણ બધી જ કામનાઓ–ઈચ્છાઓ,પૂર્ણ કરવાવાળી તથા આપના ભક્તોને આપનાં રૂપનાં દર્શન પ્રદાન કરવાવાળી, હે દેવી !આપને નમસ્કાર!
હે આદિદેવ સ્વરૂપિણી,આપનાં નામોની નિશ્ચિત સંખ્યા તથા આપનું સ્વરૂપ કોઈપણ જાણી શકતું નથી. બધાની અંદર આપ જ બિરાજો છો.
બધાજ જીવોના સર્જન અને સંહારકાલ સમયે આપ શક્તિનું સ્વરૂપ લઈને હંમેશા કાર્ય કરો છો.
હે દેવી! હે વિશ્વવંદિની,અમો આપના ગુણોની સીમા તથા આપનું સ્વરૂપ પણ જાણતા નથી,પરંતુ હે દેવી! આપ અમારૂં રક્ષણ કરવા સમર્થ છો.
હે દેવી! અમોને આપના કૃપાપાત્ર માની,
અમારા બધા જ ભયથી અમારી રક્ષા કરતાં રહો તે જ અમારી પ્રાર્થના !

## ધર્મમાં વૃક્ષનું મહત્વ :

ભારત ખેતીપ્રધાન દેશ છે.વનસ્પતિ વૃક્ષોનું અહીં ખૂબ જ મહત્વ અંકાય છે.વૃક્ષોની પૂજા–આદર ભારતમાં જ જોવા મળે છે.વૃક્ષને ધર્મ સાથે પણ સંબંધ છે.વિવિધ તહેવારો–ઉત્સવોમાં વિવિધ વૃક્ષો સંકળાયેલાં હોય છે.જેમ કે–નાની નાની બાલિકા–કન્યાઓનું વ્રત એટલે ફુલ કાજળી વ્રત. ફુલ કાજળીમાં ફુલનું મહત્વ છે.દેવાધિદેવ મહાદેવનાં પર્વ એવા શિવરાત્રી તથા શ્રાવણ માસમાં મહાદેવની પૂજામાં બિલિપત્રનો વિશેષ ઉપયોગ થાય છે.રંગોનો ઉત્સવ એટલે ધૂળેટી.ધૂળેટી અને કેસુડો જાણે એકમેકના પર્યાય છે. સૌભાગ્યવતી સ્ત્રીઓનું વ્રત એટલે વટ સાવિત્રી..આ વ્રતમાં વડનું પૂજન થાય છે.ઘર આંગણાનો પવિત્ર છોડ એટલુ તુલસી.તુલસીનું પર્યાવરણ,ઔષધિય તથા ધાર્મિક ખૂબ જ મહત્વ છે. કારતક શુદી–૧૧ના તુલસી વિવાહ ઉજવાય છે.ત્યારબાદ જ લગ્ન મૂહુર્તોનો પ્રારંભ થાય છે.

જૈન ધર્મમાં પણ વૃક્ષનું મહત્વ ઘણુ છે,ચોવીસ તીર્થંકર ભગવાનોએ પણ વૃક્ષ નીચે બેસીને ઉપાસના કરી હતી.ભગવાન બુદ્ધે પણ વૃક્ષ નીચે બેસીને જ તપસ્યા કરી હતી.

✌ પર્યાવરણ શુદ્ધ રાખવા વૃક્ષોનું નિકંદન થતું બચાવવા આપણી લુપ્ત થતી પરંપરા સાચવીએ.

સંકલન : ઠાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.

# ◂◂ ABM TRAVELS ▸▸

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with
choice of selected hotels/resorts, top conditioned AC vehicles
with courteous drivers and lots of sightseeing for your comfortable
and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi
Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling
● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman
● Guwahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia
■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam
Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


## જય હાટકેશ જ્યોતિષ કાર્યાલય

**શાસ્ત્રી ચંદ્રવદન એન. રાવલ**

જ્યોતિષરત્ન, કર્મકાંડાચાર્ય, એસ્ટ્રોલોજર
સત્યનારાયણની કથા, વાસ્તુ પૂજન, લગ્ન,
નવચંડી, લઘુરૂદ્ર, કાલસર્પ દોષ/ નવગ્રહ/
નક્ષત્ર શાંતિ, પ્રાણપ્રતિષ્ઠા, નારાયણબલિ,
માતૃગયા, ઉત્તરક્રિયા, કર્મકાંડ ભાગવત
પારાયણ તેમજ દરેક ધાર્મિક કાર્ય માટે
સંપર્ક કરો : એફ–૧૫,સ્વયંભૂ એપાર્ટમેન્ટ,
આઝાદ સોસાયટી પાસે આંબાવાડી,
અમદાવાદ–૧૫. મો. ૯૮૨૪૬૯૩૭૬૦

**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર(પાટણ)
ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫
મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૮૮૪૯૦૦૨૭૬૯


તારીખ ૨૦ નવેમ્બરના પ્રકાશિત થનારા
બરછીના છેલ્લા દીપોત્સવી અંક માટે
વ્યાવસાયિક ઉપરાંત સૌજન્ય– શુભેચ્છા
જાહેરાતો આવકારીએ છીએ...
વિશેષ માહિતી માટે :
મો.નં. ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર
વ્હોટસએપ/ફોન કરશો. –વિ.શાં.ઘોળકિયા